૩૨ ફ્રે.૨૯ /

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)ની વર્ષ ૨૦૧૭-૧૮માં દ્વિતીય હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ છુટી કરવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા: /03/૨૦૧૮ 17 MAR 2018

વંચાણમાં લીધા:-

૧) આ વિભાગના તા:૧૬/૦૫/૨૦૧૭ના સમાન ક્રમાંકનો ઠરાવ.

૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા:૦૭/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૧૭/૮૮૩-૮૮૫.

3) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ), ગાંધીનગરનો તા:૧૫/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૨૦૧૮/૫૮૭.

આમુખ:-

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૧૭-૧૮માં રૂ.૩૫૦.૦૦ લાખની(અંકે ત્રણસો પચાસ લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. તે પૈકી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે પ્રથમ હપ્તા પેટે રૂ.૪૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ વંચાણે લીધેલ ક્ર:૧ પરના તા:૧૬/૦૫/૨૦૧૭ના ઠરાવથી ફાળવણી કરવામાં આવેલ હતી.

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર દ્વારા ક્રમાંક-3ના તા:૧૫/૦૨/૨૦૧૮ના પત્રથી વધુ રૂ. ૫૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા અત્રે દરખાસ્ત કરેલ છે અને ઉકત બાબતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ક્રમાંક – ૨ના તા:૦૭/૦૨/૨૦૧૮ના પત્રથી ભલામણ કરેલ છે.

ઠરાવ:

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ)ની ઉકત દરખાસ્ત પરત્વે નિગમને વહીવટી ગ્રાન્ટના દ્વિતીય હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ નીચેની શરતોની આધિન આથી ફાળવવામાં આવે છે:-

૧. સને ૨૦૧૭-૧૮ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૫. નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૧૮-૧૯ના વર્ષમાં જે-તે માસનાં અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર-03 એસસીડબલ્યુ-૧૪ ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ)હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૧૪/03/૨૦૧૮ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એચ.બી.ઠાકોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની (અનુ.જાતિ),૪/૧, ડૉ. જીવરાજ મહેતાભવન, ગાંધીનગર.